# સંતો ઉપર અત્યાચાર અને કાવતરાં



संतो पर अत्याचार...(गुज.)

સંકલનકર્તા : રાજેશ શર્મા












નિર્દોષ સંતોની ગોળી મારીને હત્યા, યૌનશોષણના ખોટા આરોપો, જેલમાં નાખીને પ્રતાડના, એમના મોંમાં ગૌમાંસ ઠૂંસવું અને ગુપ્તાંગોમાં વીજળીના કરંટ, હિંદુ મઠ-મંદિરો પર કબજાનું કાવતરું...., સનાતન ધર્મને ખતમ કરવા કેવી રીતે પાછળ પડેલ છે રાષ્ટ્રવિરોધી એન.જી.ઓ., ઈસાઈ મિશનરીઓ, ભ્રષ્ટ રાજનેતાઓ, ભાડૂતી મીડિયા અને શોષણ કરનારી બહુરાષ્ટ્રીય કંપનીઓ ?

# યૌનશોષણના બનાવટી અને ખોટા આરોપો




કૃપાલુજી મહારાજ | સત્યસાંઈ બાબા | બાબા રામરહીમ | સ્વામી કેશવાનંદ | નારાયણ સાંઈ






સંત લક્ષ્મણાનંદની નિર્મમ હત્યા | સંત નિગમાનંદને ઝેર | અમૃતાનંદજીને વીજળીના કરંટ





સાધ્વી પ્રજ્ઞાને આપ્યાં ઝેરી ઈંજેક્શન | અસીમાનંદના મોંમાં ગૌમાંસ ઠૂંસ્યું | નિત્યાનંદની બનાવી બનાવટી સેક્સ સી.ડી.





સંત આસારામજી બાપુ પર બનાવટી કેસ અને આશ્રમોમાં તોડફોડ | બાબા જયગુરુદેવ પર ૨૧ મહિના સુધી જેલમાં અત્યાચાર

# જૂઠા અને આધારહીન આરોપો







સુધાંશુજી મહારાજ | ડૉ. જયંત આઠવલે | માતા અમૃતાનંદમયી | ચંદ્રાસ્વામી | સચ્ચિદાનંદ મહારાજ

# હિંદુ સંતો પર અત્યાચાર અને કાવતરાં

અવારનવાર ફક્ત અને ફક્ત હિંદુ સંતો વિરુદ્ધ કરાતાં કાવતરાં અને વિવિધ ખોટા મામલામાં એમને બદનામ કરીને ફસાવવા અને એમના પર કરાતી કાર્યવાહીઓ એક મોટી રમત તરફ ઈશારો કરી રહેલ છે. વેટિકનને પોતાનું ધર્માંતરણ મિશન ચાલુ રાખવા માટે નિર્બાધ રસ્તો જોઈતો હોય છે. વેટિકન ચર્ચ એવી પ્રત્યેક સંસ્થાઓ સાથે હાથ મિલાવીને અને સહયોગ કરીને ચાલે છે કે જે એના ઉદ્દેશોની પૂર્તિમાં સહાયક બને છે. પછી ભલે એ રાષ્ટ્રવિરોધી એન.જી.ઓ. હોય, રાજનેતા હોય કે શોષણ કરનારી બહુરાષ્ટ્રીય કંપનીઓ.

જ્યારે હિંદુ સંતોને બદનામ કરવા હશે કે સમાચાર ચેનલોને પોતાની દર્શક સંખ્યા (ટી.આર.પી.) વધારવી હશે ત્યારે તો એમના એંકરો બરાડી બરાડીને ટી.વી.નો પડદો ફાડી નાખશે પરંતુ જ્યારે એ જ સંતોને અદાલતો દ્વારા બેડાઘ મુક્ત કરવામાં આવે છે એ વખતે એ જ મીડિયા પોતાના મોંમાં મગ ભરીને બેસી રહે છે. માફીનામું પણ રજૂ કરે છે તો છુપી રીતે.

નિત્યાનંદની સેક્સ સી.ડી. બનાવટી મળતાં કોર્ટે મીડિયાને ભારે ઠપકો આપ્યો હતો, એમને માફીનામું પણ અપાવવામાં આવ્યું હતું. પોંડિચેરીની એક કોર્ટે શંકર રમન હત્યાકાંડ મામલામાં કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીને નિર્દોષ મુક્ત કરી દીધા. સંત આશારામજી બાપુ પર તાંત્રિક વિધિના આરોપો લાગ્યા, જેમને સુપ્રીમ કોર્ટે રદ કરીને ક્લીનચિટ આપી હતી. તો પણ મીડિયા આ બાબતે મૌન રહી.

**સંતો પર અત્યાચાર શા માટે ? :** આપણા દેશની એક મોટી પાર્ટીની મહિલા પણ છે જે કે હંમેશાં જ્યારે પણ કોઈ મોટા સાધુ-સંત વિરુદ્ધ કાવતરું કરવાનું હોય છે તો ઈલ્લુમિનાતીના અધ્યક્ષ પોપને માહિતી આપવા અને માર્ગદર્શન લેવા વિદેશ જાય છે. સરકારી આંકડા મુજબ ભારતમાં ઈસાઈ મિશનરી સંસ્થાઓનો જમીન ઉપર કબજો ક્ષેત્રફળના હિસાબે સૌથી વધારે છે. અનેક પાદરીઓ બાળકોના યૌન શોષણમાં પકડાય છે અને નનો ગર્ભવતી થઈ જાય છે. ઈસાઈ મિશનરીઓ છળ-કપટ અને લોભ-લાલચના બળે ભલા-ભોળા હિંદુઓનું ધર્માંતરણ કર રહી છે.

આજે દેશની દુર્દશા જોતાં હિંદુ સંતો હવે ધીરે ધીરે મુખરિત થવા લાગ્યા છે, જેનાથી જનતા જાગ્રત થઈ રહી છે આથી આ સંતો પર ગાજ વરસવા લાગી છે. શ્રી સુબ્રમણ્યમ સ્વામીનું કહેવું છે કે ભારતના વિખ્યાત સંતોને બદનામ કરવા પાછળ સોનિયા-કાંગ્રેસનો હાથ છે.

**ઇલ્લુમિનાતી કઈ બલા છે ?**

ઈલ્લુમિનાતી દુનિયાના શક્તિશાળી લોકોનું એક ગુપ્ત સંગઠન છે કે જે આખી દુનિયા પર કબજો કરવા ઈચ્છે છે. એનો મુખ્ય ઉદ્દેશ છે : આખી દુનિયામાં કોઈ સીમા વિના બધા દેશોમાં એક જ મુદ્રા હોય, એક જ સંસ્કૃતિ હોય, એક જ સભ્યતા હોય અને એક જાતિ વિશેષનું જ એકછત્ર સામ્રાજ્ય હોય. આખી દુનિયામાં ઈલ્લુમિનાતીના સૌથી મોટા શત્રુ છે હિંદુઓ.

ઈલ્લુમિનાતી એક પૈશાચિક સંસ્થા છે કે જે વિષાણુઓ (વાયરસ)ના માધ્યમથી લોકોનો સામૂહિક સંહાર કરવાની યોજના પર કામ કર રહી છે. જે વિષાણુ પર ઈલ્લુમિનાતી સંગઠન આજ સુધી કામ કરી રહ્યું છે એનાથી બચવાનો ફક્ત એક જ ઉપાય છે યજ્ઞ. જે હાનિકારક કિરણો, ગેસો અને જૈવિક યુદ્ધથી રક્ષા કરશે. હાલમાં ઈલ્લુમિનાતીનું સૌથી મુખ્ય કાર્ય સનાતન ધર્મને સમાપ્ત કરવાનું છે. અન્ય દેશોમાં ઘણાં વર્ષોથી નરસંહાર ચાલુ છે. વિષાણુઓ દ્વારા માનવને અર્ધમૃત બનાવવાની યોજના ઈલ્લુમિનાતીની સૌથી મોટી યોજના છે, જેને એ થોડાં વર્ષમાં અમુક સ્થાનોએ અમલમાં પણ લાવવાની છે.

**ઉત્તરાખંડ વિનાશ : એક કાંગ્રેસી કાવતરું (દૈનિક જાગરણ, દહેરાદૂન)**

ઉત્તરાખંડ વિનાશ એક કાંગ્રેસી કાવતરું હતું, જેમાં લાખો લોકો મર્યા અને મંદિરોની સાથે શહેરો પણ સાફ થઈ ગયાં. વાદળ ફાટવાની ખોટી અફવા ફેલાવવામાં આવી પરંતુ વાસ્તવમાં ગાંધી સરોવરનું ગ્લેશિયર વિસ્ફોટથી તોડવામાં આવ્યું હતું.

૩ ઓગસ્ટ ૨૦૦૮એ હિમાચલ પ્રદેશના નૈનાદેવી મંદિરમાં કાવતરાંબાજોએ ખોટી અફવા ફેલાવી કે પહાડી પથ્થરો પડી રહ્યા છે, જેમાં ભાગદોડ થઈ અને સેંકડો શ્રદ્ધાળુ ભક્તોનાં મૃત્યુ થઈ ગયાં.

નવેમ્બર ૨૦૧૧એ આચાર્ય શ્રીરામ શર્માના જન્મ શતાબ્દી અવસરે કાવતરા અંતર્ગત મચાવેલી ભાગદોડમાં ૨૨ લોકોનાં મૃત્યુ થયાં.

# સંતો વિરુદ્ધ કાવતરું - શ્રૃંખલાબદ્ધ રીતે અત્યાચારો

## (૧) નિર્દોષ શંકરાચાર્ય પર લગાવાયો હત્યાનો ખોટો આરોપ

કાંચી કામકોટિ પીઠ અનેક ધાર્મિક સંસ્થા, શિક્ષણ સંસ્થા, હોસ્પિટલ, વૃદ્ધ લોકો માટે ઘર અને એક વિશ્વવિદ્યાલય પણ ચલાવે છે. તમિલનાડુની



તત્કાલીન મુખ્યમંત્રી જયલલિતાની બેશરમ સરકારે વર્ષ ૨૦૦૪ની દિવાળીની રાત્રે નિર્દોષ શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીજીને ધરપકડ કરી પ્રતાડિત કર્યા. એમને અપરાધીઓની જેમ પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. મામલાની ટ્રાયલ આશરે ૯ વર્ષ સુધી ચાલી. પોંડિચેરીની એક કોર્ટે શંકર રમન હત્યાકાંડ મામલામાં કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય સહિત બધા ૨૩ આરોપીઓને નવેમ્બર ૨૦૧૩માં મુક્ત કરી દીધા. વેચાઈ ગયેલા મીડિયાએ ખોટો કુપ્રચાર કર્યો હતો કે શંકરાચાર્યજીએ અપરાધ કબૂલ કરી લીધો છે જ્યારે પોલીસ એવો કોઈ પુરાવો આપી નહોતી શકી. રાજનૈતિક ષડ્યંત્ર તો અસફળ થઈ ગયું પણ શંકરાચાર્યજીને ૨ મહિના સુધી જેલમાં રાખ્યા અને સતત ૯ વર્ષ સુધી એમના માન-સન્માનને જે ક્ષતિ પહોંચાડી એની ભરપાઈ કોણ કરશે ?

## (૨) સાધ્વી પ્રજ્ઞા ઉપર અમાનવીય અત્યાચાર

હિંદુ ધર્મધ્વજા લહેરાવનારાં સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરને ૨૦૦૮માં હૈદરાબાદ તથા માલેગાંવ મસ્જિદમાં બોમ્બ બ્લાસ્ટનો ખોટો આરોપ લગાવીને જેલમાં પૂરી દેવામાં આવ્યાં. ૬ ઓગસ્ટ ૨૦૦૮એ પોલીસે એમને ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો. અમાનુષી અકથનીય અત્યાચાર કરીને ઝેરી ઈંજેક્શનો વગેરે આપીને લકવાના દરદી બનાવી દીધાં. કેમ ? ફક્ત




એટલા માટે કે તેઓ ધર્માંતરણના કામમાં બાધકરૂપ હતાં. છેલ્લાં ૬ વર્ષમાં સતત એમનું સ્વાસ્થ્ય કથળતું રહ્યું અને એમની તકલીફો વધતી ગઈ અને હવે તેઓ સ્વયં ચાલી પણ નથી શકતાં. કેન્દ્ર સરકારની હઠધર્મિતાના કારણે પોલીસે એમનું જરાક પણ સાંભળ્યું. ઉપરથી ભગવા આતંકવાદની દલીલ આપીને એમને જેલથી છૂટવા પણ ન દીધાં.

બહુચર્ચિત સુનીલ જોશી હત્યાના મામલામાં ૯ વર્ષ પછી રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ માન્યું છે કે પોલીસે આ મામલામાં સાધ્વી પ્રજ્ઞા સહિત અન્ય આરોપીઓની ધરપકડ કરીને ભૂલ કરી હતી.

**(૩) સ્વામી નિત્યાનંદની બનાવાઈ બનાવટી સેક્સ સી.ડી.**

સ્વામી નિત્યાનંદ કર્ણાટકમાં સનાતન ધર્મની અલખ જગાડવામાં તથા ચર્ચના ધર્માંતરણનાં વધતાં પગલાંઓને રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નભાવતા રહ્યા છે. એમની એક અભિનેત્રી સાથે અંતરંગ દ્રશ્યોની બનાવટી વીડિયો પ્રસારિત કરાઈ. તત્કાળ ભાડૂતી મીડિયા ઊછળી ઊછળીને નિત્યાનંદ સરસ્વતી વિરુદ્ધ એક સુનિયોજિત અભિયાન ચલાવવા લાગ્યું. વર્ષ ૨૦૧૦માં નિત્યાનંદ આ મામલામાં ૫૨ દિવસ સુધી જેલમાં રહ્યા.




મીડિયા ટ્રાયલ કરી કરીને આ મામલામાં હિંદુ ધર્મ અને ભગવા વસ્ત્રો વગેરેને પણ ભારે ભાંડવામાં આવ્યાં. જેમ જેમ મામલો આગળ વધ્યો, ખબર પડી કે પોલીસ અને ચેનલોને નિત્યાનંદની સી.ડી. આપીને આરોપ લગાવનાર માણસ 'કુરુપ્પન લેનિન' એક ધર્મ-પરિવર્તિત ઈસાઈ છે. આ માણસ પહેલાં એક ફિલ્મ સ્ટુડિયોમાં કામ કરી ચૂક્યો છે તથા વીડિયો મોર્ફિંગમાં કુશળ છે. વધુ તપાસમાં ખબર પડી કે નિત્યાનંદજીનો એ વિડિયો નકલી અને બનાવટી હતો.

વિડિયોમાં દેખાતો માણસ નિત્યાનંદ નથી. ન્યાયાલયે સ્ટાર ટી.વી. અને એની ઉપચેનલ (સ્ટાર વિજય) તથા 'આજ તક'ને પોતપોતાની ચેનલો પર સતત દરેક કલાકે માફીનામું દેખાડવાનો આદેશ આપ્યો અને બનાવટી સેક્સ સી.ડી. બનાવનાર લેનિનની ધરપકડ કરવામાં આવી.

સ્વામી નિત્યાનંદ સાથે કથિત અશ્લીલ હરકતોવાળા બનાવટી વિડિયોથી ચર્ચામાં આવેલી તમિલ અભિનેત્રી રંજીતાએ એમની સાથે યૌન-સંબંધ હોવાનો ઈન્કાર કર્યો તથા ટી.વી. ચેનલો પર દેખાડેલ ફુટેજને બનાવટી જાહેર કરેલ છે. અભિનેત્રી રંજીતાએ એનું રહસ્યોદ્ઘાટન કરતાં કહ્યું : આ કાવતરા પાછળ ઈસાઈ મિશનરીઓનો હાથ છે.

## (૪) યોગાચાર્ય રામદેવને ખતમ કરવાનું કાવતરું



પહેલાં ૨૦૦૫માં બાબા રામદેવ ઉપર આયુર્વેદિક દવામાં અળસિયાં તથા મનુષ્યની ખોપડીનું ચૂર્ણ મિલાવવાનો ખોટો આરોપ લગાવવામાં આવ્યો. પછી જેવા બાબા રામદેવે આ દેશના ગાંધી પરિવાર અને કાંગ્રેસ પર આંગળી ઉઠાવવાનું શરૂ કર્યું એ જ દિવસથી સત્તાની શેરીઓમાં બેઠેલા અજગરો અચાનક જાગૃત થઈ ગયા. કાળા ધનને પરત લાવવાની માગણી આ અજગરોને એટલી બિનમાફક આવી કે એમણે બાબા રામદેવ પાછળ દેશની સી.બી.આઈ.ને લગાવડાવી દીધી. મોટી મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ તો બાબા રામદેવથી પહેલેથી જ ખાર ખાઈને બેઠી હતી.

૪ જૂન ૨૦૧૧એ અડધી રાત્રે દિલ્હીના રામલીલા મેદાનમાં સૂઈ રહેલા હજારો સત્યાગ્રહીઓ પર સોનિયાના પોલીસોએ હુમલો કરી દીધો. પોલીસો એમના પર ડંડા અને અશ્રુગેસ સાથે તૂટી પડી. બાબા રામદેવને પ્રતાડિત કરાયા. બાબા રામદેવનું કહેવું છે કે રામલીલા મેદાનમાં સોનિયા મારું એન્કાઉન્ટર કરાવવા ઈચ્છતી હતી. મીડિયા દ્વારા બાબા રામદેવને ઠગ, ચોર, ભાગેડું વગેરેથી વિભૂષિત કરાય છે. બાબા રામદેવ ઉપર એમના ગુરુની હત્યાનો ખોટો આરોપ પણ લગાવાઈ રહ્યો છે.

બાબા રામદેવજીના મુખ્ય સહયોગી આયુર્વેદાચાર્ય બાલકૃષ્ણજીને પાસપોર્ટના મામૂલી મામલામાં જેલમાં ધકેલવામાં આવ્યા હતા.

## (૫) સ્વામી શ્યામાનંદને પિવડાવ્યો નશીલો પદાર્થ

રાજસ્થાનના સ્વામી શ્યામાનંદજીના આશ્રમની જમીન હડપવા માટે એમના પીણામાં નશીલી વસ્તુ મેળવીને પિવડાવ્યું હતું. ત્યારબાદ ખરીદેલી છોકરી સાથે નશાની હાલતમાં અશ્લીલ હરકતોની ફિલ્મ બનાવડાવીને એમને બદનામ કર્યા. ભક્તોએ મહિલાની ભાળ મેળવીને એની પાસેથી સચ્ચાઈ ઓકાવી તો આખા કાવતરાની પોલ ખૂલી ગઈ.

## (૬) સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીની નિર્મમ હત્યા



ઓડિશામાં સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીએ પોતાનું સંપૂર્ણ જીવન વનવાસીઓના ઉત્થાનમાં લગાવી દીધું. એમના પ્રયાસોથી ચર્ચનાં કાવતરાં ખુલ્લાં પડતાં હતાં. ઈસાઈ મિશનરીઓ દ્વારા કરાતા ધર્મ-પરિવર્તનના વિરોધમાં કાર્યરત ૮૫ વર્ષીય સંત ઉપર ૨૪ ઓગસ્ટ ૨૦૦૮એ એમની છાતી વિંધાઈ ગઈ ત્યાં સુધી એમના પર ગોળીઓ ચલાવી અને કુહાડાથી એમના શરીરને કાપી નાખ્યું. સ્વામીજી તથા એમના સાથીદારોની હત્યા પછી જે બે લોકોને ગ્રામીણોએ લોહીથી લથ-પથ હથિયારો અને નકાબો સાથે પકડીને પોલીસને હવાલે કર્યા હતા એમને પોલીસે પૂછપરછ વિના જ છોડી મૂક્યા. એમની ઓળખ પરેડ પણ ન કરાઈ. આ ઉપરાંત વેટિકન ચર્ચમાં સ્વામીજીની હત્યા માટે રજૂ થયેલ પ્રસ્તાવવાળા રજિસ્ટરની નકલ પણ પોલીસને ઉપલબ્ધ કરાવાઈ હતી. સરકાર આ વિશે પણ તપાસ નથી કરી રહી. સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીએ એમની હત્યા થતાં પહેલાં સતત ઘણી વખત એમને મળેલી ધમકીઓ વિશે તંત્રને જણાવ્યું હતું પરંતુ સરકારે એના ઉપર કોઈ ધ્યાન ન આપ્યું.

## (૭) નિર્દોષ ચંદ્રાસ્વામીને જેલમાં ધકેલ્યા

ફેરા કાનૂનના ઉલ્લંઘનના મામલામાં ચંદ્રાસ્વામીને પટિયાલા હાઉસ કોર્ટે મુક્ત કરી દીધા હતા. આ મામલો લંડનમાં વિચારાધીન એક બીજા મામલામાં વકીલને આશરે ૧૪ હજાર પાઉન્ડની ફી આપવા વિશે હતો. ચંદ્રાસ્વામીને ૯ મહિના સુધી જેલમાં રહેવું પડ્યું હતું અને પોલીસે એમને પણ ભયંકર યાતનાઓ આપી હતી. ન્યાયાલયે પોતાના નિર્ણયમાં કહ્યું કે એ સાબિત નથી થઈ શક્યું કે ચંદ્રાસ્વામીએ જ પોતાના વકીલને ૧૪ હજાર પાઉન્ડ રકમ અદા કરી હતી. એવી સ્થિતિમાં એમને દોષી ઠેરવી ન શકાય અને એમને આ મામલામાં મુક્ત કરવામાં આવ્યા.

## (૮) સ્વામી અસીમાનંદને ભયંકર યાતનાઓ



દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના વનવાસી ક્ષેત્રોમાં સેવા કાર્ય કરી રહેલા સ્વામી અસીમાનંદ ભારત સરકારના નિશાના પર હતા. ચર્ચ કોઈ પણ સ્થિતિમાં એમને ડાંગથી હટાવવા ઈચ્છતી હતી કેમ કે આ વનવાસી બહુલ ક્ષેત્રમાં ચર્ચ દ્વારા ચલાવાતી અરાષ્ટ્રીય અને અસામાજિક પ્રવૃત્તિઓનો સ્વામીજી વિરોધ કરતા હતા. એમને આતંકવાદના મામલામાં ખોટી રીતે ફસાવાયા.

'સમજોતા વિસ્ફોટ' મામલામાં સ્વામી અસીમાનંદે કહ્યું હતું : 'આ મને ફસાવવાનું કાવતરું છે. પોલીસ મને પ્રતાડિત કરી રહી છે અને મારા પર ખોટું બયાન આપવા માટે દબાણ બનાવાઈ રહ્યું છે.'

પોલીસે એમની પણ ઘોર પ્રતાડના કરી તથા એમને પણ ધર્મભ્રષ્ટ કર્યા. એમના ગુપ્તાંગમાં વીજળીનો કરંટ આપ્યો તથા મોંમાં ગૌ-માંસ ઘુસાડવામાં આવ્યું. એમણે ન્યાયાલયમાં નિર્ભીક થઈને કહ્યું કે તપાસ એજન્સીઓ ધમકીઓ અને યાતનાઓથી મારી પાસે બોલાવડાવી રહી છે પરંતુ એને કોઈ પણ સ્થિતિમાં મારા શબ્દો ન સમજવામાં આવે.

સરકારે અસીમાનંદ પર બહુ જ દબાણ નાખ્યું કે સરકારી સાક્ષી બની જાય અને સરકારની રણનીતિ અનુસાર ભારતની રાષ્ટ્રવાદી શક્તિઓને આતંકવાદ સાથે જોડવાના એજન્ડામાં સહયોગી બને.

## (૯) સ્વામી શાંતીકાલીજીની ગોળી મારીને હત્યા

સ્વામી શાંતીકાલીજી મહારાજ ઘણાં વર્ષથી ત્રિપુરાનાં પહાડી ક્ષેત્રોમાં જનજાતીય સમાજમાં શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરતા હતા. તેઓ ઈસાઈ મિશનરીઓની ધર્માંતરણની પ્રવૃત્તિઓમાં બાધક બન રહ્યા હતા. 'નેશનલ લિબરેશન ફ્રંટ ઓફ ત્રિપુરા' નામના ઈસાઈ સંગઠને એમના આશ્રમમાં ઘૂસીને ગોળી મારીને એમની હત્યા કરી નાખી. હત્યા પહેલાં ચર્ચના આતંકવાદીઓએ એમને હિંદુ ધર્મ છોડીને ઈસાઈ બનવાનું કહ્યું પરંતુ સ્વામીજીએ ઈસાઈ બનવાની મનાઈ કરી દીધી.

## (૧૦) કૃપાલુ મહારાજ પર લાગ્યો બળાત્કારનો ખોટો આરોપ

ઉત્તર પ્રદેશના કૃપાલુજી મહારાજ એક સુપ્રસિદ્ધ હિંદુ આધ્યાત્મિક પ્રવચનકર્તા હતા. એમણે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક સેવાના ક્ષેત્રમાં ઈતિહાસ રચ્યો છે. એમના ઉપર ૮૫ વર્ષની ઉંમરે વર્ષ ૨૦૦૭માં ત્રિનિદાદમાં એક ૨૨ વર્ષની યુવતી સાથે બળાત્કારનો આરોપ લગાવાયો જે નિરાધાર સાબિત થયો. એમણે જગદ્ગુરુ કૃપાલુ પરિષદ્‌ના નામથી વિખ્યાત એક વૈશ્વિક હિંદુ સંગઠનની રચના કરી હતી.



## (૧૧) સ્વામી રામસુખદાસજી પર લગાવ્યા અનર્ગળ આરોપો

સ્વામી રામસુખદાસજીનું સંપૂર્ણ જીવન ગીતામય હતું. સમાજમાં એમણે જ્ઞાનયોગ, ભક્તિયોગ, નિષ્કામ કર્મયોગની ત્રિવેણી વહાવી. સાધકો-ભક્તોએ એમની પાસેથી પ્રેરણાઓ લીધી. જ્યારે રામસુખદાસજી ઉપર ષડ્યંત્રકારીઓએ અનેક ઘૃણિત આરોપો લગાવ્યા હતા ત્યારે એ મહાપુરુષે અન્ન-જળનો ત્યાગ કરી દીધો હતો. એને જોઈને એમના અનુયાયીઓ અત્યંત દુઃખી થયા હતા તથા એમણે એક યુક્તિ કાઢી કે જે પણ એમના સ્વામીજીની નિંદા કરે એના મોં પર થૂંકતા અને ચંપલ સુંઘાડતા. નિંદકો ડરી ગયા અને નિંદા બંધ કરી દીધી. આમ નિંદા કરનારાઓને જડબાતોડ જવાબ આપ્યો. આવા ગુરુભક્તોને તો સાધુવાદ છે કે જેમણે પોતાના સ્વામીજી વિષે કંઈ પણ અનર્ગળ સાંભળવાનું પસંદ ન કર્યું અને કુપ્રચારકોને જડબાતોડ જવાબ આપ્યો.



## (૧૨) નિર્દોષ સ્વામી કેશવાનંદજીને જેલ

દ્વારકાના પ્રસિદ્ધ સંત સ્વામી કેશવાનંદજી ઉપર બળાત્કારનો ખોટો આરોપ લગાવાયો હતો. કાવતરાબાજ રાજનેતા અને પોલીસ અધિકારી પરસ્પર મળી ગયા હતા. સ્વામીજીએ ૧૨ વર્ષની સજામાંથી ૭ વર્ષ જેલમાં વિતાવ્યાં. સચ્ચાઈ સામે આવી ત્યારે એમને નિર્દોષ ઘોષિત કરવામાં આવ્યા. કાવતરામાં સામેલ પોલીસ અધિકારીને ચિત્તાએ ફાડી ખાધો.

## (૧૩) સ્વામી વિવેકાનંદજી પર લગાવ્યા ઘૃણિત આરોપો



સ્વામી વિવેકાનંદજી જ્યારે અમેરિકામાં સનાતન ધર્મનો મહિમા ગાઈને ભારતનું ગૌરવ વધારી રહ્યા હતા ત્યારે ત્યાં ઈસાઈ મિશનરીઓના ઈશારા પર કેટલાક હિંદુઓએ જ એમની નિંદા કરીને કુપ્રચાર કરનારાઓને સહયોગ આપવાનો શરૂ કરી દીધો. જેમાં મુખ્ય હતા વીરચંદ ગાંધી અને પ્રતાપચંદ્ર મઝૂમદાર. પ્રતાપચંદ્ર મઝૂમદાર ઈસાઈ મિશનરીઓની કઠપૂતળી બની ગયો. 'વિવેકાનંદજી એક વિષયલંપટ સાધુ, વિલાસી યુવાન અને હંમેશાં યુવાન છોકરીઓ વચ્ચે રહેનાર ચરિત્રહીન પુરુષ છે' એવું અમેરિકાના પ્રસિદ્ધ અખબારોમાં લખવા લાગ્યા. આ દુષ્પ્રચારકોએ વિવેકાનંદજીના ભક્તની નોકરાણીનું વિવેકાનંદજી દ્વારા યૌન-શોષણ કરાયું એવી મનઘડંત કહાણી પણ છાપી દીધી અને પછી જે ભવનમાં સ્વામી વિવેકાનંદજીનું પ્રવચન હોય એની સામે એ લોકો એક અર્ધનગ્ન છોકરી સાથે વિવેકાનંદજીના ફોટાનું પોસ્ટર પણ લગાવી દેતા હતા. આમ છતાં સ્વામી વિવેકાનંદજીના અમેરિકન ભક્તોની શ્રદ્ધા એ કુપ્રચારકો હલાવી ન શક્યા. પ્રતાપચંદ્ર મઝૂમદાર ભારત આવ્યો અને અહીં ફણ એમની નિંદા કરવા લાગ્યો. વિવેકાનંદજી પર છળ-કપટ અને અનેક સ્ત્રીઓનું ચરિત્રભંગ કરવાના આરોપો લગાવવા લાગ્યો. 'સ્વામી વિવેકાનંદજી ભારતના સનાતન ધર્મના કોઈ પણ મતના સાધુ જ નથી' એવા ખોટા આરોપો લગાવવા લાગ્યો હતો.

## (૧૪) બાબા રામરહીમ પર યૌનશોષણનો ખોટો આરોપ



સિરસા, હરિયાણાના 'ડેરા સચ્ચા સૌદા'ના બાબા ગુરુમીત રામરહીમ સિંહ સમાજમાં સત્સંગ અને સેવાની મહેક ફેલાવી રહ્યા છે. બાબા પર વર્ષ ૨૦૦૮માં યૌન શોષણનો આરોપ લગાવીને કેસ ચલાવાયો પરંતુ અંતે તેઓ નિર્દોષ સાબિત થયા.

**(૧૫) સ્વામી અમૃતાનંદજીના મોંમાં ઠૂંસ્યું ગૌમાંસ**



સ્વામી અમૃતાનંદજી દેવતીર્થ જમ્મુ-કાશ્મીરમાં હિંદુઓનું ઉત્પીડન અને સ્થળાંતર રોકવા, વિસ્થાપિત હિંદુઓને ન્યાય અને અધિકાર અપાવવા તથા કાશ્મિરી પંડિતોને પાછા ઘાટીમાં જવા માટે પ્રેરિત કરવાના કાર્યમાં સંલગ્ન હતા. વર્ષ ૨૦૦૮માં એમના પર આતંકવાદી હોવાનો ખોટો આરોપ લગાવીને એમને મુંબઈ પોલીસે જેલમાં પૂરી દીધા. મીડિયામાં એમનું ખોટું નામ દયાનંદ પાંડેય પ્રચારિત કરાવવામાં આવ્યું. પોલીસ દ્વારા એમના ભગવા કપડાં ઉતારી, નગ્ન અને ભીના રાખીને વીજળીનો કરટ આપવામાં આવ્યો. એમનાં ધાર્મિક પુસ્તકોને પગતળે કચડીને ગટરમાં ફેંકાવવામાં આવ્યાં. બેહોશ થયા ત્યાં સુધી એમની મારપીટ કરવામાં આવી. મોંમાં ગૌમાંસ ઠૂંસવામાં આવ્યું. અપરાધ સ્વીકાર કરાવવા માટે પોલીસ દ્વારા જબરદસ્ત દબાણ બનાવવામાં આવ્યું. સ્વામીજી વિરુદ્ધ મુંબઈ પોલીસ પાસે કોઈ પુરાવા નહોતા તો પણ એમને જેલમાં પૂરી દેવામાં આવ્યા.

**(૧૬)** ૪ ડિસેમ્બર ૨૦૦૫એ જગદ્‌ગુરુ શ્રી નરેન્દ્રાચાર્યજી મહારાજનો ધર્મદંડ વિમાન મારફતે લઈ જવામાં પ્રતિબંધ લગાવાયો. એ વખતે વિમાન મથક પર એકત્રિત થયેલા ભક્તોને અત્યંત ખરાબ રીતે પીટવામાં આવ્યા.

**(૧૭)** સનાતન સંસ્થા, મહારાષ્ટ્રના સંસ્થાપક પૂજ્ય ડો. જયંત આઠવલેજી બીમારીના કારણે ૪ વર્ષથી પથારી ઉપર છે. તેમ છતાં એમના ઉપર સમાજને ભડકાવવાનો આરોપ લગાવીને ૮ જાન્યુઆરી ૨૦૧૦એ પોલીસ કેસ કરાયો.

**(૧૮)** મહારાષ્ટ્રના સંત ઈશ્વરબુવા રામદાસી પર એક દારૂડિયા વ્યક્તિ દ્વારા ચરિત્ર હનનનો આરોપ લગાવાયો. ભૂમિના વિવાદના કારણે કાંગ્રેસના એક નેતાએ સંત વિરુદ્ધ એક મહિલાને ખોટી ફરિયાદ લખાવવા માટે બાધ્ય કરી અને જૂન ૨૦૧૩એ સંત ઈશ્વરબુવા રામદાસીની મધ્યરાત્રિએ ધરપકડ કરી લીધી.

**(૧૯)** આચાર્ય સુધાંશુ મહારાજ પર અર્થ સંબંધી મિથ્યા આરોપ લગાવાયા.

## (૨૦) સંત નિગમાનંદને કાવતરું કરીને મારી નાખ્યા



સંત નિગમાનંદ આંદોલન હેઠળ ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૧થી ઉપવાસ પર હતા. એમની માગણી હતી કે ગંગાના રક્ષાર્થે કુંભ ક્ષેત્રને ખનન મુક્ત રખાય. ૬૮ દિવસ પછી ઉપવાસ દરમિયાન સ્વામી નિગમાનંદને જિલ્લા તંત્ર દ્વારા જિલ્લા ચિકિત્સાલયમાં દાખલ કરાવીને એમને જબરદસ્તી અન્ન ગ્રહણ કરાવાયું હતું. એમ કહેવાય છે કે ખનન માફિયાના ઈશારા પર ઈલાજ દરમિયાન જ સંતને કોઈ નર્સ દ્વારા ઝેર આપવામાં આવ્યું.

**(૨૧)** કોલ્હાપુર મહારાષ્ટ્રના સંત સંતોષ ઉપાખ્ય બાળ મહારાજજીને મિરજ દંગાના સમયમાં પોલીસ સ્ટેશનમાં બંધ કરી દેવામાં આવ્યા. લોકતંત્રના કાયદેસર માર્ગે આંદોલન કરવા છતાં એમના ઉપર ૭ સપ્ટેમ્બર ૨૦૦૯એ પોલીસે અપરાધ દાખલ કરવાનું દુઃસાહસ કર્યું.

**(૨૨)** આર્ટ ઓફ લિવિંગના શ્રી શ્રી રવિશંકરજી પર બેંગલુરુ (કર્ણાટક)માં ૧૦ મે ૨૦૧૦એ કોઈ અજ્ઞાત વ્યક્તિએ ગોળીઓ ચલાવી.

**(૨૩)** દક્ષિણ ભારતનાં માતા અમૃતાનંદમયી (અમ્મા)ને રેડ લાઈટ એરિયા (વેશ્યા ઘર) સાથે સંબંધિત જણાવીને એમની છબિને કલંકિત કરવાનો પ્રયાસ કરાયો હતો.

**(૨૪)** સ્વામી પરિપૂર્ણાનંદ મહારાજને કુંભ મેળામાંથી ગાયબ કરવામાં આવ્યા હતા, એમનો આજ સુધી પત્તો નથી.

**(૨૫)** દેશ-વિદેશમાં ગુજરાતના સ્વામીનારાયણ સંપ્રદાયે લોકોને સંસ્કારિત કરવાનું મહાન કાર્ય કર્યું છે. એમના પ્રમુખ સંતો વિરુદ્ધ ઓક્ટોબર ૨૦૧૩માં ખોટા ચારિત્રિક આરોપો લગાવાયા.

**(૨૬)** પ્રખ્યાત સત્યસાંઈ બાબાએ અનેક લોકહિતની પ્રવૃત્તિઓ ચલાવી. કાવતરાબાજોએ વર્ષ ૨૦૦૧માં બાબા પર ચરિત્ર હનનના મનઘડંત આરોપો લગાવ્યા.

**(૨૭) દિલ્હીમાં દેશના લાખો ગૌભક્તો પર અંધાધૂંધ ગોળીબાર**

૭ નવેમ્બર ૧૯૬૬, **ગોપાષ્ટમીના દિવસે,** દિલ્હીમાં ગૌહત્યા બંદી કાનૂન બનાવવાની માગણી બાબતે ૧૦-૧૨ લાખ ગૌ-ભક્ત નર-નારીઓ, સાધુ-સંતો, વૃદ્ધો, બાળકો વગેરેએ પ્રદર્શન કર્યું. જેમના ઉપર તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ પ્રદર્શન ખતમ કરાવવા માટે નિઃશસ્ત્ર અહિંસક ગૌ-ભક્તો, પ્રદર્શનકારીઓ ઉપર ગોળીબાર કરાવ્યો, જેમાં અનેક સાધુઓ અને ગૌ-ભક્તોની હત્યાઓ થઈ. **વિધિનું વિધાન જુઓ કે ગોપાષ્ટમીના જ દિવસે ઈન્દિરા ગાંધીને ૩૧ ઓક્ટોબર ૧૯૮૪એ ગાળીઓથી વીંધવામાં આવી. અષ્ટમીના દિવસે જ સંજય ગાંધીનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ અને અષ્ટમીના દિવસે જ ૨૧ મે ૧૯૯૧એ કોઈમ્બતૂરમાં રાજીવ ગાંધીને માનવ બોમ્બથી ઉડાડી દેવાયા...**

**(૨૮) સંત આશારામજી બાપુ અને નારાયણ સાંઈ પર બનાવટી કેસ**

આધ્યાત્મિક ક્રાંતિના પ્રણેતા સંત આશારામજી બાપુ સનાતન ધર્મના સજગ પ્રહરી છે. શિકાગો ધર્મ સંસદમાં એમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મુંબઈમાં બધા ૧૩ અખાડાના સંતોએ મળીને એમને ધર્મરક્ષા મંચના અધ્યક્ષ બનાવ્યા હતા. બાપુએ સમાજને અનૈતિકતા તરફ લઈ જનારા 'વેલેન્ટાઈન-ડે'ને બદલે સમગ્ર વિશ્વમાં 'માતૃ-પિતૃ પૂજન દિવસ' ઊજવવાનો આરંભ કરાવ્યો. નિર્ધનો માટે ઘરોનું



નિર્માણ-કાર્ય કર્યું. સતત અન્ન-વસ્ત્ર વગેરે દ્વારા મોટા પાયા પર ગરીબોની મદદ કરતા રહ્યા. ગૌ-સંવર્ધન માટે અનેક ગૌશાળાઓ બનાવડાવી. સંસ્કાર વારસાને સુરક્ષિત રાખવા માટે અનેક ગુરુકુળોની સ્થાપના કરી. ૧૭,૦૦૦થી વધારે નિઃશુલ્ક 'બાળ સસ્કાર કેન્દ્ર' પણ ખોલાવ્યાં. ૧,૩૦૦ શ્રી યોગ વેદાંત સેવા સમિતિઓ સમાજ ઉત્થાનનાં વિવિધ સેવાકાર્યોમાં સંલગ્ન છે. ૪૦૦થી અધિક આશ્રમો છે. બાપુના સાધકોની સંખ્યા ૫ કરોડથી પણ અધિક બતાવાય છે. છેલ્લાં ૫૦ વર્ષથી એમણે કરોડો લોકોને જીવન જીવવાનો સાચો માર્ગ દેખાડ્યો છે. એમના અનુયાયીઓ વિશ્વના

ખૂણેખૂણામાં ફેલાયેલા છે અને ભક્તોની સંખ્યા દિવસે દિવસે વધતી જ જતી હતી. હિંદુઓના ઈસાઈકરણ કરવા વિરુદ્ધ જાગૃતિ લાવીને એમણે હિંદુઓના ધર્મપરિવર્તનને રોક્યું.

છેલ્લાં ઘણાં વર્ષોથી સોનિયા સરકાર, ઈસાઈ મિશનરીઓ, બહુરાષ્ટ્રીય કંપનીઓ, ભાડૂતી મીડિયા અને અસામાજિક તત્ત્વોના નિશાના પર સંત આશારામજી બાપુ હતા. વેટિકન પોપ અને સોનિયા-રાહુલના ઈશારે કાંગ્રેસી નેતાઓ તથા વકીલોએ શાહજહાંપુર (ઉ.પ્ર.)ની છોકરી અને એના પિતાને તૈયાર કરી એમના પર યૌન શોષણનો ખોટો આરોપ લગાવ્યો. ૭૫ વર્ષીય નિર્દોષ સંતની ૩૧ ઓગસ્ટ ૨૦૧૩ અર્ધરાત્રિએ કપટથી ધરપકડ કરવામાં આવી. ત્યારબાદ જોધપુર જેલમાં પૂરી દેવામાં આવ્યા. જોધપુર શહેરમાં બાપુના પ્રેમી ભક્તોના પ્રવેશ પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો. આવી રહેલા ભક્તોની પોલીસોએ ખોટી રીતે મારપીટ કરી. જેલમાં બાપુને અનેક રીતે હેરાન-પરેશાન કરાઈ રહ્યા છે. એમને જરૂરી આયુર્વેદિક ચિકિત્સા પણ કેટલાય મહિના સુધી અપાઈ નહિ. બાપુ વિશે મીડિયાએ અનેક મહિનાઓ સુધી લગાતાર કેટલાય કલાકો સુધી ખોટી મનઘડંત કહાણીઓ દેખાડી અને સમાજને ગેરમાર્ગે દોરવાનો અપરાધ કર્યો. સમાજ ઉત્થાનમાં રત બાપુના સુપુત્ર શ્રી નારાયણ સાંઈને પણ એક ખોટા મામલામાં ફસાવીને સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યા. બાપુના આશ્રમોના સંચાલકો અને સાધકોને ખોટા કેસોમાં ફસાવવામાં આવી રહ્યા છે. જંતર-મંતરમાં શાંતિપૂર્ણ રીતે આંદોલન કરનારા ભક્તો પર પોલીસે અમાનવીય રીતે લાઠી પ્રહાર કર્યો. પુરુષ પોલીસ દ્વારા મહિલાઓનાં વસ્ત્રો ફાડવામાં આવ્યાં. પોલીસ દ્વારા આશ્રમમાં રહેનારા અંતેવાસીઓને પ્રતાડિત કરાઈ રહ્યા છે. બાપુનાં ધર્મપત્ની શ્રીમતી લક્ષ્મીદેવી તથા એમનાં સુપુત્રી ભારતીદેવી ઉપર પણ ઘૃણિત આરોપ લગાવાયા. આ બધું આંતર્રાષ્ટ્રીય કાવતરા અંતર્ગત થઈ રહ્યું છે.



## (૨૯) બાબા જયગુરુદેવ જેલમાં...
## ભક્તોએ કર્યું જેલ ભરો આંદોલન

મથુરાના બાબા જયગુરુદેવ ધર્મ પ્રચારમાં સતત સંલગ્ન રહ્યા અને એમણે સમાજને શાકાહારી બનવાની પ્રેરણા જોરશોરથી આપી. ઈન્દિરા સરકારે ૧૯૭૩-૭૪માં નસબંદીનું અભિયાન ચલાવ્યું અને અનેક અત્યાચારો જનતા પર કર્યા તો બાબાએ સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. જૂન ૧૯૭૫ થી માર્ચ ૧૯૭૭ સુધી ૨૧ મહિના બાબાને ઈન્દિરા ગાંધી સરકારે કારણ જણાવ્યા વિના જુદી જુદી ૪ જેલમાં રાખ્યા. જેલમાં એમને હાથકડી અને બેડી સાથે એકાંતમાં કઠોર યાતનાઓ અપાઈ. ૨૦ ૨૦ કલાક સુધી કોટડીમાં તાળું મારીને બંધ રાખતા હતા. રોટલી કાચી અને દાળ અર્ધચડેલી આપતા હતા. બીમાર થતાં દવા પણ નહોતા આપતા. એ વખતે બાબાની સંસ્થા 'જયગુરુદેવ ધર્મ પ્રચારક સંઘ' પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો હતો.



તિહાડ જેલમાં ઉચ્ચ અધિકારીઓએ બાબાને કહ્યું કે તમે ચૂંટણીમાં કાંગ્રેસનું સમર્થન કરી દો તો તમને થોડાક જ કલાકમાં છોડી દેવામાં આવશે. વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે સુલેહ કરી લો, એમની પ્રશંસા કરી દો. બાબાએ કહ્યું કે મેં તો કોઈ ગુનો નથી કર્યો તો પછી કેવી સુલેહ કરી લઉં. ઈન્દિરાની ક્રૂર સરકારે એમના ૧૪,૦૦૦ પ્રેમી ભક્તોને જેલોમાં ઠૂંસી દીધા. પછીથી પોલીસો મારપીટ કરીને ભક્તોને જંગલોમાં છોડી આવતા હતા. તેઓ માર ખાઈને પણ ફરી એ જ અવાજ લગાવતા કે અમારા બાબાજીને છોડો નહિતર અમને પણ જેલ આપો. ભક્તોએ કરેલા જેલભરો આંદોલન પછી બાબા જયગુરુદેવને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.

**(૩૦)** 'ભક્તિ નિકેતન આશ્રમ' આણંદ (ગુજ.)ના સચ્ચિદાનંદજી મહારાજને હત્યાના આરોપમાં પ્રતાડિત કરાયા. સાડા સાત વર્ષ પછી અદાલતે એમને ૩૦ જાન્યુઆરી ૨૦૧૪એ નિર્દોષ છોડ્યા.

# જનતાનો અવાજ



☞ કેટલાક શક્તિશાળી લોકો પડદા પાછળથી હિંદુ ધર્મ, સાધુ-સંન્યાસીઓ અને ધાર્મિક સ્થળોને બદનામ કરવામાં લાગ્યા છે.

**- પી. પરમેશ્વરન (અધ્યક્ષ વિવેકાનંદ કેન્દ્ર , કન્યાકુમારી)**

☞ કાંગ્રેસ પર જ્યારથી સોનિયા ગાંધીનો કબજો થયો છે ત્યારથી હિંદુ પ્રતીકો પર આક્રમણ કરવામાં સોનિયા, કોંગ્રેસ અને ચર્ચ પરસ્પર મળી ગયાં છે.

**- ડો. કુલદીપચંદ અગ્નિહોત્રી (ભારત-તિબેટ સહયોગ મંચના રાષ્ટ્રીય સંયોજક)**

☞ રાજનૈતિક ષડ્યંત્ર અંતર્ગત જ હિંદુ આસ્થા, માનબિંદુઓ અને હિંદુ સંતો પર પ્રહારો કરાઈ રહ્યા છે. મઠ-મંદિરો ઉપર સરકાર કબજો જમાવવાના પ્રયાસ કરી રહી છે. **- શંકરાચાર્ય શ્રી નિશ્ચલાનંદ સરસ્વતી (પુરી)**

☞ સોનિયા જ્યારથી ભારતમાં આવી છે, એ આપણા ધાર્મિક, સાંસ્કૃતિક આસ્થાઓને કચડવામાં લાગી છે. **- અશોક સિંઘલ (સંરક્ષક વિહિપ)**

☞ જો સંતોને જેલમાં નાખીને બદનામ કરવાનાં કાવતરાં ચાલુ જ રહેશે તો ભારતની અસ્મિતા, ભારતની સંસ્કૃતિ સુરક્ષિત નહિ રહી શકે.

**- શંકરાચાર્ય શ્રી નરેન્દ્રાનંદ સરસ્વતી (કાશી સુમેરુ પીઠ)**

☞ ષડ્યંત્રોનો એકમાત્ર ઉદ્દેશ છે હિંદુ સમાજનાં શ્રદ્ધા-કેન્દ્રો હલી જાય. **- ચંપત રાય (મહામંત્રી વિહિપ)**

☞ ખોટા આરોપો અને કુપ્રચારના માધ્યમથી તમારા માર્ગદર્શકો અને સંતોને યોજનાબદ્ધ રીતે સમાપ્ત કરી દેવામાં આવશે. આથી સાવધાન ! **- સુબ્રમણ્યમ સ્વામી**

☞ સાધુ-સંતો આપણા જીવનનો વારસો છે અને આપણે સૌએ મળીને પ્રયાસ કરવાનો છે કે આ વારસાને ક્યારેય કોઈ આંચ ન આવે.

**- સુરેન્દ્ર પાલ (દ્રોણાચાર્ય, સિરિયલ મહાભારત)**

☞ ભારત માટે સર્વાધિક સંકટ એ જ થશે કે એ પોતાના ધર્મથી વંચિત થઈ જાય. ભારત જ ભારતને બચાવી શકે છે તથા ભારત અને હિંદુ ધર્મ એકરૂપ છે. હિંદુ ધર્મ વિના ભારતનું કોઈ ભવિષ્ય નથી.

**- ડો. એની બેસન્ટ**

# ઈસાઈ પાદરીઓ દ્વારા યૌન-શોષણની હોડ

સૂચના-અધિકારથી પ્રાપ્ત જાણકારી અનુસાર ફક્ત કેરળમાં જ ૬૩ પાદરીઓ ઉપર બળાત્કાર, હત્યા, ગેરકાયદેસર વસૂલી અને હથિયાર રાખવાના મામલા વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા છે.

bishopaccountability.org કેથોલિક લોકોના એક ઓનલાઈન એકમ અનુસાર ચર્ચો વિરુદ્ધ ૩,૦૦૦થી પણ વધારે કેસ નોંધાવાયા છે, જેમાં કેટલાકની પતાવટ અનેક લાખ ડોલર વળતર આપીને કરવામાં આવી. ૧૯૯૮માં ડલાસના રોમન કેથોલિક ડાઈઓસિઝ દ્વારા એ વખતે ૩.૦૯ કરોડ ડોલર ફક્ત એક પાદરીના ૧૨ યૌન-શિકારોને વળતર તરીકે આપવામાં આવ્યા. વર્ષ ૨૦૦૩થી ૨૦૦૯ સુધી અન્ય મોટી પતાવટમાં ૩૭૫ મામલા અંતર્ગત ૧૫૫૧ દાવેદારો/શિકારોને ૧.૧ અબજ ડોલર વળતર તરીકે આપવામાં આવ્યા. ૧૯૫૦થી ૨૦૦૭ સુધીના યૌન-ઉત્પીડનના મામલાની પતાવટમાં ૨ અબજ ડોલરથી વધારે વળતર આપવામાં આવ્યું. વર્ષ ૨૦૧૨ સુધી આમાં ૩ અબજ ડોલરથી પણ વધારે રકમ ખર્ચ કરાઈ.

પેરિસ (ફ્રાંસ)માં એક વેશ્યાએ એક પાદરીનું લિંગ ચાવી નાખ્યું કેમ કે પાદરીએ પૂર્વનિશ્ચિત ફી ચૂકવી નહોતી અને પોતાના પાદરી સાથીદારો સહિત વેશ્યાથી વારંવાર યૌનાનંદ લીધો. મે ૨૦૦૯માં પ્રકાશિત 'રાયન રિપોર્ટ'એ ૯ વર્ષના અધ્યયન પછી એ નિષ્કર્ષ કાઢ્યો કે ૩૦,૦૦૦ બાળકોને ઈસાઈ સંસ્થાઓમાં ઈસાઈ નનો અને પાદરીઓ દ્વારા પ્રતાડિત અને શોષિત કરાતા રહ્યાં. પાદરીઓ દ્વારા કરેલા યૌન-શોષણના અપરાધો માટે વર્તમાન પોપ બેનેડિક્ટને ક્ષમા-યાચના કરવી પડી હતી.


**સંદર્ભ :**

પથિક સંદેશ-જાન્યુ. ૨૦૧૪, સૃજન કર્મ-નવેમ્બર ૨૦૧૩, હિંદુ વોઈસ-ડિસે. ૨૦૧૩, પાંચજન્ય ૮ ડિસે. ૨૦૧૩ અને ૧૨ જાન્યુ. ૨૦૧૪, સનાતન પ્રભાત ઓક્ટોબર ૨૦૧૩, અજાન-અયોધ્યા પ્રસાદ ત્રિપાઠી, દૈનિક જાગરણ, રાજસ્થાન પત્રિકા વગેરે.

♦ http://derasachasauda.org/saint-gurmeet-ram-rahim-singh-ji-insan/
♦ http://jaigurudevworld.org/jaigurudevworld/Default.aspx
♦ http://www.chauthiduniya.com/2011/07/sant-nigamanand-ki-moot-par-rajneeti.html#sthash.qWh2kNAZ.dpuf ♦ http://rishiprasad.org
♦ http://rajasthanpatrika.patrika.com/news/penis-bitten-for-money-/1103652.html#
♦ http://www.deshbandhu.co.in/newsdetail/50213/2/170
♦ http://www.pravakta.com/what-shantikali-ji-maharaj-swami-laxmanananda-saraswati-swami-asimanand-turn-now ♦ http://krantikaari.blogspot.in/2013/12/blog-post.html

# ભારતને ફરીથી ગુલામ અને હિંદુઓને નષ્ટ કરવાનું કાવતરું



હિંદુઓને જીવતાં બાળવા, હત્યા તેમજ વહુ-દીકરીઓનો જાહેરમાં બળાત્કાર, દૂધપીતાં બાળકોને પટકીને મારી નાખવાં - આ બધાથી કાશ્મીર અને પૂર્વોત્તરનાં રાજ્યોમાંથી ભાગી જવા માટે લાખો લાખો હિંદુઓ થયા વિવશ.

# સંસ્કૃતિને નષ્ટ કરવાનું કાવતરું અને ઈસાઈ ધર્મને પ્રોત્સાહન



છળ-કપટથી ધર્માંતરણ | સિક્કા પર ક્રોસ | વધી રહેલી ગૌહત્યા | મા ભારતીનું નગ્ન ચિત્ર | ૐ ઉપર પોલીસનો બૂટ



# સર્વે ભવન્તુ સુખિનઃ - સંતોનો એ મંત્ર ।
# કાવતરાંબાજો સંતો પર જ કરે છે ષડ્યંત્ર ॥

* સંતો ઉપર અત્યાચાર અને ષડ્યંત્ર કોના ઈશારે ?
* ઈલ્લુમિનાતી સંસ્થા શું છે ? એ હિંદુ ધર્મને નષ્ટ કરવા કેમ ઈચ્છે છે ?
* સ્વામી લક્ષ્મણાનંદ, સ્વામી શાંતિકાલીજીની ગોળી મારીને હત્યા કોણે કરાવી ?
* શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી, આચાર્ય બાલકૃષ્ણ, બાબા જયગુરુદેવ, ચંદ્રાસ્વામી, સ્વામી કેશવાનંદજીને જેલ કેમ ?
* સ્વામી અમૃતાનંદ અને સ્વામી અસીમાનંદના મોંમાં ગૌમાંસ ઠૂંસનાર અને ગુપ્તાંગમાં વીજળીના કરંટ આપનાર કોણ ?
* કૃપાલુજી મહારાજ, સ્વામી નિત્યાનંદ, સત્યસાંઈ બાબા, બાબા રામરહીમ પર યૌનશોષણના બનાવટી અને ખોટા આરોપો લગાવીને પ્રતાડના કોણે કરાવી ?
* સાધ્વી પ્રજ્ઞાને જેલમાં પ્રતાડના અને સંત નિગમાનંદને કોણે મારી નાખ્યા ?
* સુધાંશુજી, સંત ઈશ્વર બુબા, ડૉ. જયંત આઠવલે, માતા અમૃતાનંદમયી, સ્વામી નારાયણ સંપ્રદાયના સંતો ઉપર ખોટા આરોપો લગાવીને બદનામી કરવા પાછળ કોણ ?
* સ્વામી રામદેવજીને મારી નખાવાનું કાવતરું કોણ કરી રહ્યું છે ?
* નિર્દોષ સંત આસારામજી બાપુને જૂઠા કેસમાં ફસાવીને જેલમાં પ્રતાડના આપવા અને એમના આશ્રમોને તોડવા પાછળ કોનું કાવતરું ?
* ઉત્તરાખંડમાં ત્રાસદી અને હિંદુ ધર્મસ્થળો, ધાર્મિક કાર્યક્રમોમાં દોડભાગ મચાવીને હજારોના પ્રાણ કોણે લીધા ?
* કેવી રીતે મચાવી છે ઈસાઈ પાદરીઓએ યૌનશોષણની હોડ ?

સર્વ સહમતિ દેશની જનતાની... આ પુસ્તક જનહિતમાં છપાવેલ છે. કોઈ પણ છપાવીને અથવા મગાવીને વહેંચી શકે છે. આ દેશનું સેવાકાર્ય કોઈ પણ કરી શકે છે, પાકો દેશભક્ત દેશહિતમાં જરૂર કરશે. અમને એ વિશ્વાસ છે.

All legal proceedings shall be subject to the jurisdiction of the courts in New Delhi.

**સંસ્કૃતિ રક્ષક સંઘ**
આધ્યાત્મિક ભારત નિર્માણ
મુખ્યાલય : શાસ્ત્રીનગર, દિલ્હી-110031. ફોન : 011-32674126.
info@srsinternational.org www.srsinternational.org